# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: Saturday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) ૧૮માં બ્રિક્સ સમિટનો આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આરંભ – બ્રિક્સ દેશોના વડાઓ ભારત પહોંચ્યા

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિક્સ સમિટ દરમ્યાન બ્રિક્સ દેશોના અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

3) પ્રધાનમંત્રીએ વૈશ્વિક વેપારના સરળતા માટે સલામત દરિયાઈ માર્ગો , અવિરત પુરવઠા માર્ગો અને નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવા હાકલ કરી

4) સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ( PMAY-U) 2.0 હેઠળ 18 લાખ 77 હજાર ઘરોને મંજૂરી આપી

5) જુનિયર એશિયા મહિલા હોકી કપની આજે સેમિફાઇનલમાં ભારત દક્ષિણ કોરિયા સામે ટકરાશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BRICS

૧૮માં બ્રિક્સ સમિટનો આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આરંભ થશે. બે દિવસીય આ કાર્યક્રમમાં બ્રાઝિલ , ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ઇન્ડોનેશિયા, ભારત, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા , દક્ષિણ આફ્રિકા અને યુએઈ સહિત અગિયાર મુખ્ય ઉભરતા અને વિકાસશીલ અર્થતંત્રો એકઠા થશે. ઉચ્ચ-સ્તરીય કાર્યક્રમ દરમિયાન , બ્રિક્સ સભ્ય દેશોના નેતાઓ વૈશ્વિક શાસન , બહુપક્ષીયતા, વેપાર અને રોકાણ , ટેકનોલોજી, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા , આરોગ્યસંભાળ, આપત્તિ સ્થિતિસ્થાપકતા અને મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલા સહિતના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. આ સમિટ ભારતના ૨૦૨૬ બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ યોજાઈ રહી છે , જેની વિષયવસ્તુ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" છે.

એક અહેવાલ સાંભળીએ.............

## (VC: આનંદ, બ્રિક્સ)

પ્રધાનમંત્રી આજે સમિટ દરમિયાન બ્રિક્સ નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. શ્રી મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ , અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન , ઇથોપિયાના પ્રધાનમંત્રી અબી અહેમદ અલી , મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ અને વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હંગ સાથે મુલાકાત કરશે.

# BRICS SUMMIT-LEADERS ARRIVAL

18મા બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે અનેક દેશોના વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓ નવી દિલ્હી આવી રહ્યા છે. ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો ગઈકાલે રાત્રે નવી દિલ્હી  પહોંચ્યા હતા. કોલસા અને ખાણ રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબેએ હવાઈમથકે તેમનું સ્વાગત કર્યું.

બુરુન્ડીના રાષ્ટ્રપતિ એવેરિસ્ટ ન્દાયિશિમીએ આફ્રિકન સંઘનું પ્રતિનિધિત્વ કરવા માટે નવી દિલ્હી પહોંચ્યા હતા. ભારે ઉદ્યોગ અને સ્ટીલ રાજ્યમંત્રી ભૂપતિરાજુ શ્રીનિવાસ વર્માએ તેમનું સ્વાગત કર્યું હતું.

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ પણ ભારતમાં પહોંચ્યા છે. તેમનું સ્વાગત વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે કર્યું હતું.

ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દુલ ફત્તાહ અસી અને ઇથોપિયાના પ્રધાનમંત્રી અબી અહેમદ અલી પણ ગઈકાલે સાંજે નવી દિલ્હી આવી પહોંચતા કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે તેમનું સ્વાગત કર્યું હતું. ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે સ્વાગત કર્યું હતું.

ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન પણ ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચતા બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે તેમનું સ્વાગત કર્યું હતું.

રશિયાના નાયબ પ્રધાનમંત્રી એલેક્સી ઓવરચુક અને થાઈલેન્ડના નાયબ પ્રધાનમંત્રી   અને વિદેશમંત્રી સિહાસક ફુઆંગકેટકેઓ પણ ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા.

નાઇજીરીયાના ઉપરાષ્ટ્રપતિ કાશીમ શેટ્ટીમા પણ નવી દિલ્હી પહોંચ્યા છે.

બ્રિક્સ સભ્ય દેશોમાં બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ભારત, ઇન્ડોનેશિયા, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. બ્રિક્સ ભાગીદાર દેશોમાં બેલારુસ , ક્યુબા, બોલિવિયા, કઝાકિસ્તાન, મલેશિયા, નાઇજીરીયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ઉચ્ચ-સ્તરીય બેઠકમાં વૈશ્વિક કલ્યાણને ધ્યાનમાં રાખીને વિવિધ મુદ્દાઓ પર સકારાત્મક અને અર્થપૂર્ણ ચર્ચા થશે.

# TRAFFIC ADVISORY-BRICS DELHI

નવી દિલ્હીમાં આજથી શરૂ થનાર બ્રિક્સ સમિટને કારણે આજે સવારે સાડા નવ થી રાત્રે નવ વાગ્યા સુધી દિલ્હીના મુખ્ય માર્ગો પર ટ્રાફિક પરિવર્તન અને નિયંત્રિત અવરજવર લાગુ કરવામાં આવી છે. દિલ્હી ટ્રાફિક પોલીસે લોકોને મુસાફરી માટે સમય કરતાં વહેલા નીકળવાની સલાહ આપી છે. પોલીસે લોકોને જાહેર પરિવહન, ખાસ કરીને મેટ્રો રેલનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. દિલ્હી પોલીસે સોશિયલ મીડિયા પોસ્ટમાં લોકોને ડાયવર્ઝન કરાયેલા માર્ગો અને ટ્રાફિક માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવ્યું છે. કટોકટી અને આવશ્યક સેવાના વાહનોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# BRICS BUSINESS FORUM-LEADERS SESSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વેપારના સરળતા માટે સલામત દરિયાઈ માર્ગો, અવિરત પુરવઠા માર્ગો અને નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવા હાકલ કરી છે. તેમણે બ્રિક્સ દેશોને વેપાર અવરોધો દૂર કરવા અને નવી વ્યાપારિક તકો વધારવા માટે પણ વિનંતી કરી. શ્રી મોદીએ ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે બ્રિક્સ વેપાર મંચ સત્રને સંબોધતા વધુમાં જણાવ્યું હતું કે ભારત નેવિગેશનની સ્વતંત્રતા અને નાવિકોની સલામતીનો મજબૂત સમર્થક છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે વિશ્વમાં વધતા વેપાર અવરોધો વચ્ચે , ભારત આર્થિક સેતુ બનાવવા માટે કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે આજે ભારત વિકાસ અને સ્થિરતા માટે વિશ્વાસનો સ્ત્રોત છે. તેમણે કહ્યું હતું કે 2014 થી, ભારતે લગભગ 40 દેશો સાથે મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

પ્રધાનમંત્રી મોદીએ બ્રિક્સ દેશોને વૈશ્વિક નવીનતા અને ઉકેલોના ઉભરતા કેન્દ્રો તરીકે વર્ણવ્યા. શ્રી મોદીએ નોંધ્યું કે બ્રિક્સ દેશો હવે વિશ્વની વસ્તીના 50 ટકા, વૈશ્વિક જીડીપીના 40 ટકા અને વૈશ્વિક વેપારના 25 ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે.

મંચને સંબોધતા રશિયના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું હતું કે બ્રિક્સ દેશોએ છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક GDP ના 40 ટકાથી વધુનું ઉત્પાદન કર્યું છે. તેમણે નોંધ્યું હતું કે બ્રિક્સ દેશો વિશ્વની અડધાથી વધુ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે.

ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સભ્ય દેશો વચ્ચે વેપારમાં રાષ્ટ્રીય ચલણોનો ઉપયોગ વધારવાનું સૂચન કર્યું. તેમણે ચલણ જોખમોનું સંચાલન અને સમાધાન માટે પદ્ધતિઓ સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ જણાવ્યું હતું કે ગ્લોબલ સાઉથને ઉત્પાદન , ટેકનોલોજી અને મૂલ્ય નિર્માણમાં નેતૃત્વ કરવું જોઈએ. બ્રાઝિલના વિદેશમંત્રી મૌરો વિએરાએ પણ પોતાના વિચરો રજૂ કર્યા હતા

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે બ્રિક્સનો ઉદ્દેશ સભ્ય દેશો વચ્ચે વધુ સંતુલિત વેપાર સુનિશ્ચિત કરવાનો અને જૂથમાં સેવાઓ વેપારનો વિસ્તાર કરવાનો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારત એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે આ સહયોગના લાભો બ્રિક્સ અર્થતંત્રોના કરોડરજ્જુ એવા લોકો સુધી પહોંચે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PMAY-U

સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ( PMAY-U) 2.0 હેઠળ 18 લાખ 77 હજાર ઘરોને મંજૂરી આપી છે , જે યોજનાના અમલીકરણને વધુ વેગ આપે છે અને શહેરી વિસ્તારોમાં બધા માટે ઘર બનાવવાના લક્ષ્યને આગળ ધપાવે છે. ગુરુવારે નવી દિલ્હીમાં યોજાયેલી કેન્દ્રીય મંજૂરી અને દેખરેખ સમિતિની નવમી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકની અધ્યક્ષતા ગૃહ અને શહેરી બાબતો મંત્રાલયના શહેરી વિકાસ વિભાગના સચિવ સતેન્દ્ર સિંહે કરી હતી.

# PM-KMY- 7 YEARS WITH VC

પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનાને આજે સાત વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ યોજના 2019માં આજના દિવસે નાના અને સીમાંત ખેડૂતોને સામાજિક સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ , નાના અને સીમાંત ખેડૂતોને 60 વર્ષની ઉંમર બાદ ઓછામાં ઓછા ત્રણ હજાર રૂપિયા માસિક પેન્શનની ખાતરી આપવામાં આવે છે એક અહેવાલ

(VC – નીતિકા)

# HOCKEY

જુનિયર એશિયા મહિલા હોકી કપની પહેલી સેમિફાઇનલમાં આજે ભારત દક્ષિણ કોરિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 9.45 વાગ્યે ચીનના મોકીમાં રમાશે. ક્વાર્ટર ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને રેકોર્ડ 19-0થી હરાવ્યું. ભારત 10 પોઈન્ટ સાથે પૂલ Aમાં ટોચ પર છે. યજમાન ચીન બીજી સેમિફાઇનલમાં જાપાન સામે ટકરાશે.

દરમિયાન ગઈકાલે ભારતીય પુરુષ ટીમે મલેશિયાને 3-1થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અનમોલ એક્કાએ બે ગોલ અને સુખવિંદરે એક ગોલ કર્યો હતો.

# CRICKET-T20 ASIA CUP

મહિલા એશિયા કપ ક્રિકેટમાં આવતીકાલે દુબઈમાં રમાનારી ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે થશે. શ્રીલંકાએ પાકિસ્તાનને ચાર વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. 131 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં શ્રીલંકાએ ચાર વિકેટ ગુમાવીને અને આઠ બોલ બાકી રહેતા લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.

પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 130 રન બનાવ્યા હતા. પાકિસ્તાનની કેપ્ટન ફાતિમાએ 47 રન બનાવ્યા અને ચાર વિકેટ લીધી , ફાતિમાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઇ.

ટુર્નામેન્ટના સાત વખતના ચેમ્પિયન ભારતે ગ્રુપ સ્ટેજમાં ત્રણ જીત સાથે ટોચનું સ્થાન મેળવ્યું હતું અને સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું હતું.

શ્રીલંકાએ 2024ની ફાઇનલમાં ભારતને હરાવીને તેનું પ્રથમ એશિયા કપ ટાઇટલ જીત્યું હતું.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં પ્રધાનમંત્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિન વચ્ચે યોજાયેલી બેઠક અંગેના સમાચાર હેડલાઈનમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- પુતિન ખમૈયા કરો, યુક્રેનનું યુધ્ધ અટકાવો: મોદીની અપીલ
- સંદેશ લખે છે - ભારત - રશિયાનું 100 અબજ ડોલર વેપારનું લક્ષ્ય
- દિવ્ય ભાસ્કરે બ્રિક્સનો સંદેશ... ડોલરની આગળ જીત છે આ સમાચારને હેડલાઇન બનાવી છે.
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – પુતીનને દિલ્લી સે દિખાઈ પશ્ચિમ કો આંખ, મોદી બોલે – વ્યાપાર બાધાએ હટાએ બ્રિક્સ દેશ
- આ ઉપરાંત આધારને આંતરરાષ્ટ્રીય બનાવાશે: NRI,OCI માટે માટે પણ લોન્ચ કરવાની તૈયારીન અને બિહારમાં પૂરની સ્થિતિ અંગેના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- અછતગ્રસ્ત વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરવાનો સરકારનો ધરાર ઇનકાર આ સમાચારને ગુજરાત સમાચારે પહેલા પાને પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત વિધાનસભામાં રજૂ થયેલા કેગના અહેવાલ અંગેના સમાચાર વિવિધ અખબારોમાં સ્થાનિક પાને વાંચવા મળી રહ્યા છે.